૪૦૧/૭,૨૭૩

# બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા
## સત્સંગ શિક્ષણ પરીક્ષા (પૂર્વ કસોટી - ૧૫ જૂન, ૨૦૧૪)

(સમય : સવારે ૯ : ૦૦ થી ૧૧ : ૧૫) **સત્સંગ પ્રવેશ - ૧**

નોંધ : પ્રશ્ન પછી આપેલા અંકો તે પ્રશ્નના જવાબના પાના નંબર દર્શાવે છે. (કુલ ગુણ : ૭૫)

### વિભાગ - ૧ : નીલકંઠ ચરિત્ર - અઢારમી આવૃત્તિ, એપ્રિલ - ૨૦૧૧

**પ્ર.૧ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** [૯]

૧. ''આપણે ગુરુને પત્ર લખી મોકલીએ.'' (૯૯)
૨. ''આપના સ્વરૂપનું જ્ઞાન કરાવ્યું અને હવે એકાએક આપે આ શી તૈયારી કરી ?'' (૨૯)
૩. ''આપ આટલા દિવસથી ભૂખ્યા છો તેથી આપના માટે સાથવો લાવ્યા છીએ.'' (૬૩)

**પ્ર.૨ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ)** [૬]

૧. ધવલગિરિ અને શ્યામગિરિ વચ્ચેના પાણીમાં નીલકંઠવર્ણીએ ઝંપલાવ્યું. (૨૩-૨૪)
૨. તપસ્વીઓ નીલકંઠવર્ણીને ભગવાનરૂપે સંભારવા લાગ્યા. (૮)
૩. રામાનંદ સ્વામી શ્રીકૃષ્ણની ભક્તિનો ઉપદેશ આપવા લાગ્યા. (૭૯-૮૦)

**પ્ર.૩ નીચે આપેલા પ્રસંગોમાંથી કોઈ પણ એક પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક)** [૫]

૧. જાંબુવાનનું કલ્યાણ (૪૩-૪૬) ૨. બદરીનાથ ધામની વાટે (૯-૧૦)
૩. ભૂતોનો નાશ અને યોગીઓનો મોક્ષ (૨૦-૨૨)

**પ્ર.૪ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** [૫]

૧. નવલાખ યોગીઓ રોજ સવારે શું કરતા ? (૩૮)
૨. રામાનંદ સ્વામી ક્યારે અને ક્યાં ધામમાં ગયા ? (૧૧૨)
૩. વંશીપુરની રાજકુંવરીઓના નામ જણાવો. (૧૭)
૪. જયરામદાસને નીલકંઠવર્ણી કઈ દિશામાં મળ્યા ? (૪૭)
૫. ગોરાડ ગામની ભાગોળે કોણ કોસ હાંકતું હતું ? (૭૦)

**પ્ર.૫ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો.** [૪]

**નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. નવ લાખ યોગીઓનો ઉદ્ધાર (૩૮)
(૧) ☐ ત્રણ દિવસ રહ્યા. (૨) ☐ આપ મને છોડશો નહિ.
(૩) ☐ બે દિવસ રહ્યા. (૪) ☐ આપની મૂર્તિ અંતરમાંથી જાય નહિ.

૨. રામાનંદ સ્વામીને પત્ર (૯૯-૧૦૦)
(૧) ☐ સંવત ૧૮૫૭ ફાગણ વદ પાંચમ (૨) ☐ લાલજી સુથારે રામાનંદ સ્વામીને દંડવત્ પ્રણામ કર્યા.
(૩) ☐ સંવત ૧૮૫૬ ફાગણ વદ પાંચમ (૪) ☐ મયારામ ભટ્ટે રામાનંદ સ્વામીને દંડવત્ પ્રણામ કર્યા.

**પ્ર.૬ નીચે આપેલાં વિધાનોમાં ખાલી જગ્યા પૂરો.** [૪]

૧. નીલકંઠવર્ણી જાણતા હતા કે મારા માટે .......... એ કાર્યક્ષેત્ર તૈયાર કર્યું છે. (૯૦)
૨. સંજોગી બાવાને .............. પુત્ર અને ................. દીકરીઓ હતી. (૪૨)
૩. તુંગભદ્રા નદી ................ વહેતી હોવાથી લોકો તેને .............. કહે છે. (૬૫)
૪. નીલકંઠવર્ણીને શોધવા માટે જયરામદાસને માએ .............. અને .............. આપીને મોકલ્યો. (૪૭)

### વિભાગ - ૨ : સત્સંગ વાંચનમાળા ભાગ - ૧ - બારમી આવૃત્તિ, એપ્રિલ - ૨૦૧૧

**પ્ર.૭ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** [૯]

૧. ''ડભાણના બ્રાહ્મણને સાધુ થવું છે.'' (૧૭)
૨. ''મહારાજ પાસે મને સંભારજો, તો મારું સારું થાય.'' (૨૭)
૩. ''આ ટાણું કેમ ચુકાય ?'' (૫૮)

**પ્ર.૮ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ)** [૪]

૧. દાદાખાચર લાકડાનો તાપ કરી મહારાજ પાસે લાવ્યા. (૨૦)
૨. જોબનપગી ડભાણ ગયા. (૩૩)

(પાછળ જુઓ)

---

સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ દ્વારા કરવામાં આવેલ પૂર્વ કસોટીના આ આયોજનમાં મેં જાતે વર્ગમાં (બેઠકખંડમાં) હાજરી આપીને **''સત્સંગ પ્રવેશ-૧''** પરીક્ષા આપી છે અને નીચેની વિગતો મેં સાચી ભરેલી છે તે આપ જાણશો.

| | તારીખ | | મહિનો | | વર્ષ | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| પરીક્ષાર્થીની જન્મ તારીખ :- | ☐ | ☐ | ☐ | ☐ | ☐ | ☐ | ☐ | ☐ |

પરીક્ષા આપી તે તારીખ અને સમય :-

પરીક્ષાર્થીની સહી :-

**નોંધ :- ફક્ત વર્ગમાં હાજર રહેલા પરીક્ષાર્થીઓએ જ ભૂલ્યા વગર આ હાજરીસ્લીપ કાપીને, તેમાં માગ્યા મુજબની વિગતો ભરીને, તેમના કેન્દ્ર વ્યવસ્થાપકને પરત આપવાની છે. ફક્ત હાજર પરીક્ષાર્થીઓની જ સ્લીપો ભેગી કરીને, પૂર્વ કસોટીના અહેવાલમાં ભરીને, સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ ખાતે પરત જમા કરાવવાની છે. (અધૂરી વિગત ભરેલી હાજરીસ્લીપ માન્ય નહીં ગણાય)**

પ્ર.૯ 'હરિભક્તોમાં ઓતપ્રોત નિર્ગુણ સ્વામી' (૪૮) - **પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક)** [૫]

**પ્ર.૧૦ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** [૪]

૧. જૂનાગઢના નવાબને ઝીણાભાઈ પ્રત્યે શી પ્રતીતિ થઈ ? (૨૩)
૨. શિરોહીના રાજાને શો વિચાર થયો ? (૧)
૩. સાંકળેશ્વર મહાદેવ ક્યાં આવેલું છે ? (૧૩)
૪. દેવાનંદ સ્વામી કયા મંદિરના મહંત નિમાયા ? (૧૫)

**પ્ર.૧૧ નીચે આપેલ વિષય માટે સૂચના મુજબ છ સાચા ક્રમ નંબર તથા તે સાચા ક્રમ નંબરને ઘટનાક્રમ પ્રમાણે ગોઠવો.** [૬]

**વિષય :- જીવુબાની ભક્તિ (૩૯)**

**૧.** ''બાપુ ! એ જ સહજાનંદ સ્વામી, આપણા ગુરુ.'' **૨.** જીવુબાએ ધરાવેલ જળ આરોગવા લાગ્યા. **૩.** ''બેટા ! તમે કોની ભક્તિ કરો છો ?'' **૪.** દેહનું ભાન આવતાં એભલ ખાચર એકદમ પ્રભુનાં ચરણોમાં પડી ગયા. **૫.** હાથમાંથી કટોરો પડી ગયો. **૬.** ''આ બધાં ધતિંગ મૂકી દે.'' **૭.** ''લોકો કહે છે કે આપણા ઘરમાં દેવતા ફરે છે તે કોણ ?'' **૮.** મહિમાએ સહિત તમે એમનું ભજન કરશો તો તમને પણ જરૂર એ વશ થશે. **૯.** મૂર્તિમાંથી ભગવાન કૃષ્ણરૂપે પ્રગટ થયા. **૧૦.** ઓરડામાં સુગંધ પ્રસરી ગઈ. **૧૧.** ''આ દૂધ કોણ પી ગયું ?'' **૧૨.** લાડુબાએ દરબારની ભ્રાંતિ દૂર કરી.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| **(૧) ફક્ત સાચા નંબરો** | | | | | | |
| **(૨) યથાર્થ ઘટનાક્રમ** | | | | | | |

**સૂચના : (૧) ફક્ત સાચા નંબરોમાં તમામ છ નંબરો સાચા હશે તો જ ૩ ગુણ મળશે. (૨) યથાર્થ ઘટનાક્રમ પણ સંપૂર્ણ સાચો હશે તો જ ૩ ગુણ મળશે. અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

**પ્ર.૧૨ નીચે આપેલાં ખોટાં વાક્યોને મથાળાના સંદર્ભમાં સાચાં લખો.** [૪]

**નોંધ : સંપૂર્ણ સાચું વાક્ય લખ્યું હશે તો જ ગુણ પ્રાપ્ત થશે. અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

ઉદાહરણ :- **સ્વામી યજ્ઞપ્રિયદાસજી :-** મોતીભાઈના દીકરા જેઠાભાઈને ખેતરમાં ફરતી વખતે વીંછી કરડવાથી ધામમાં ગયા. પછી શ્રીજીમહારાજ સાથે આવી મોતીભાઈને નારાયણ કહ્યા.

જવાબ :- **સ્વામી યજ્ઞપ્રિયદાસજી : આશાભાઈ**ના દીકરા **દેસાઈભાઈ**ને **ઘાસના બીડમાં કામ કરતાં સર્પ** કરડવાથી ધામમાં ગયા. પછી **ભગતજી મહારાજ** સાથે આવીને **આશાભાઈ**ને **જય સ્વામિનારાયણ** કહ્યા.

૧. **સદ્‌ગુરુ દેવાનંદ સ્વામી :** બાળભક્તનો જન્મ બરવાળા પાસે પહેલારપુર ગામે સંવત ૧૭૫૯ની માગશરી અમાસે થયો હતો. (૧૩)
૨. **ભક્તરાજ જોબનપગી :** 'અલ્યા સગરામ ! સાધુમાં તે શું ભાળ્યું તે આ ભેંસ ભડકામણું તિલક કરીને ફૂલ્યોપાટ્યો ફરે છે ?' (૩૬)
૩. **ભક્તરાજ દરબારશ્રી ઝીણાભાઈ :** ઝીણાભાઈનો અતિ ભાવ જોઈને સંવત ૧૮૭૯માં શ્રીજીમહારાજે સારંગપુરમાં વસંત પંચમીનો મહોત્સવ ખૂબ જ ધામધૂમથી ઊજવ્યો. (૨૬)
૪. **સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામી :** રસ્તામાં ધમડકામાં વિપ્ર ભટ્ટાચાર્ય પાસે વિજ્ઞાન અને તત્ત્વજ્ઞાનની શિક્ષા લીધી. (૧)

## વિભાગ - ૩ : નિબંધ

**પ્ર.૧૩ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર આશરે ૩૦ લીટીમાં નિબંધ લખો.** [૧૦]

૧. શૈક્ષણિક અને ધાર્મિક ક્ષેત્રની વિરલ વિભૂતિ : શ્રી વિનાયકરાવ ત્રિવેદી
(સ્વામિનારાયણ પ્રકાશ - ઑક્ટોબર - ૨૦૧૩, પા. નં. ૨૮ થી ૩૨, ૨૭)
૨. સાધવો હૃદયં મહ્યં, સાધુનાં હૃદયં ત્વહમ્ (સ્વામિનારાયણ પ્રકાશ - ડિસેમ્બર - ૨૦૧૩, પા. નં. ૬ થી ૭)
૩. શાસ્ત્રીજી મહારાજ દ્વારા શુદ્ધ ઉપાસના છતાં પરંપરાનો આદર. (સ્વામિનારાયણ પ્રકાશ - ફેબ્રુઆરી - ૨૦૧૪, પા. નં. ૨૮ થી ૩૦)

❊ ❊ ❊

સૂચના :- **આ પ્રશ્નપત્રમાંથી થોડા-ઘણા પ્રમાણમાં પ્રશ્નો તા. ૬ જુલાઈ, ૨૦૧૪ના રોજ લેવાનાર મુખ્ય પરીક્ષામાં પુછાશે. મુખ્ય પરીક્ષામાં જવાબવહીમાં વધારાનાં પાનાં જોડીને તેમાં લખેલા ઉત્તર માન્ય ગણાશે નહિ. પરીક્ષા કાર્યાલય, અમદાવાદની પૂર્વ મંજૂરી લીધા સિવાય, મૂળ પરીક્ષાર્થીના બદલે 'લહિયા', 'ડમી રાઈટર' કે 'અન્ય વ્યક્તિ' દ્વારા લખાઈને આવેલી પરીક્ષાની જવાબવહી રદ ગણવામાં આવશે. એકથી વધારે પ્રકારના જુદા જુદા અક્ષરોવાળા ઉત્તરો માન્ય નહિ ગણાય. છેકછાકવાળા જવાબો માન્ય ગણાશે નહીં. અસ્પષ્ટ અને ઉકેલી ન શકાય તેવા જવાબો માન્ય ગણાશે નહિ. અભ્યાસક્રમના પુસ્તકની છેલ્લી આવૃત્તિનો જ ઉપયોગ કરવો. પરીક્ષાખંડમાં પરીક્ષા દરમ્યાન કોઈ પણ પરીક્ષાર્થીએ મોબાઈલ ફોન તથા ઈલેક્ટ્રોનિક સાધનો જેવાં કે ટેબ્લેટ, લેપટોપ વગેરેનો ઉપયોગ કરવો નહિ તથા પોતાની પાસે રાખવા પણ નહિ.**

☞ **અગત્યની જાહેરાત** **તમામ પરીક્ષાર્થીઓ આપણી સંસ્થાની નીચે દર્શાવેલી website - link પરથી જૂનાં વર્ષોનાં પ્રશ્નપત્રો તથા તેના ઉકેલપત્રો નિઃશુલ્ક ડાઉનલોડ કરી શકશે તથા તેની પ્રિન્ટ પણ કાઢી શકશે.**

**http://www.swaminarayan.org/satsangexams/pastpapers/index.htm**